વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## સુવર્ણપુરી-સોનગઢ મધ્યે નવનિર્મિત જમ્બુદ્વીપ-બાહુબલી સંકુલમાં પ્રસ્થાપિત શ્રી બાહુબલી મુનીન્દ્ર ભગવાનની ભવ્ય પ્રતિમા!!





"હે પરમ દિગંબર મુદ્રા જિનકી, વન વન કરે બસેરા,
મૈં ઉન ચરણોંકા ચેરા, હો વંદન ઉનકો મેરા."

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૧૪, વર્ષ–૨૬, ફેબ્રુઆરી–૨૦૨૪


**શ્રાવણ સુદ ૭, રવિવાર, તા.૨૪–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૧૦૦થી૧૦૩ પ્રવચન–૪૩**





પરિહારવિશુદ્ધિ ચારિત્ર

**मिच्छादिउ जो परिहरणु, सम्मद्दंसण-सुद्धि।**

**सो परिहारविसुद्धि मुणि, लहु पावहि सिवसिद्धि।१०२।**

**મિથ્યાત્વાદિક પરિહરણ, સમ્યગ્દર્શન શુદ્ધિ;**

**તે પરિહારવિશુદ્ધિ છે, શીઘ્ર સહો શિવસિદ્ધિ. ૧૦૨.**

અન્વયાર્થ : **(जो मिच्छा दिउ परिहरणु)** જે મિથ્યાત્વાદિનો ત્યાગ કરીને **(सम्मद्दंसण सुद्धि)** સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રાપ્તિ કરવી **(सो परिहार विसुद्धि मुणि)** તેને પરિહાર વિશુદ્ધિ સંયમ જાણો. **(लहु सिव-सिद्धि पावहि)** જેનાથી શ્રેષ્ઠ મોક્ષની સિદ્ધિ મળે છે.

**मिच्छादिउ जो परिहरणु, सम्मद्दंसण-सुद्धि।**

**सो परिहारविसुद्धि मुणि, लहु पावहि सिवसिद्धि।१०२।**

એવી શૈલી લીધી છે. પરિહારવિશુદ્ધિ એટલે ચાલતી રૂઢિ પ્રમાણે તો એમ છે કે સ્વરૂપ જે છે પરિહારવિશુદ્ધનું તે વિશેષ સાધુ પ્રાપ્ત થાય છે ત્રીસ વર્ષ પછી, અમુક જાતનો સંસારમાં રહ્યો હોય ને પછી ભગવાન પાસે આઠ વર્ષ રહીને સંગતિ પ્રત્યાખ્યાન પૂર્વનો અભ્યાસ આદિ કર્યો હોય તો એને હોય છે. એ તો કોની દશા એ રીતે (કહ્યું છે) પણ અહીં તો એને ખરો પરિહાર, ખરો પરિહાર તો મિથ્યાશ્રદ્ધાનો ત્યાગ **'सम्मद्दंसण-सुद्धि'** એનો ખરો પરિહાર કહે છે, અહીં તો. આહાહા..!

**मिच्छादिउ जो परिहरणु, सम्मद्दंसण-सुद्धि।**

**सो परिहारविसुद्धि मुणि, लहु पावहि सिवसिद्धि।।**

**'જે મિથ્યાત્વાદિનો ત્યાગ કરીને...' 'આદિ'** શબ્દ છે ને? મિથ્યાત્વભ્રમણા, અસ્થિરતા, અવ્રત, કષાય આદિના મલિન પરિણામ. ત્યાંથી પરિહાર ઉપાડ્યું. સમજાણું કાંઈ? જેણે પરમાત્મા નિજ સ્વરૂપનો અંતર

શ્રદ્ધા ને જ્ઞાન દ્વારા સત્કાર કર્યો છે, આદર કર્યો છે. જેણે પરમાત્મા પોતે પૂર્ણાનંદ સ્વરૂપ (છે) એવું શ્રદ્ધા ને જ્ઞાનમાં ઉપાદેયપણે કર્યું છે એનો અર્થ કે એનો સત્કાર, આદર કર્યો છે. અનાદિથી એનો અનાદર કરતો અને પુણ્ય ને પાપના વિકલ્પોનો અનાદિથી એકલો એકાંત આદર કરતો. સમજાણું કાંઈ? એને છોડીને જે **'સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રાપ્ત કરવી...'** ત્યાં 'એક' શબ્દ લીધો છે. એ તો 'અષ્ટ પાહુડ'માં આવે છે ને? **'सम्मद्दंसण'** એક સમકિતમાં પરિણત થયેલો આઠ કર્મને નાશ કરે છે. એવો 'અષ્ટ પાહુડ'માં શ્લોક છે. 'કુંદકુંદાચાર્ય'. ત્યાં જોર દેવું છે સમ્યગ્દર્શન. સ્વરૂપની જે શ્રદ્ધા પૂર્ણ પૂર્ણ પૂર્ણ થઈ છે એના તરફનાં વલણમાં એનું ને એનું પરિણમન આમ જ્યાં ચાલ્યું (તો) આઠે કર્મનો નાશ થઈ જાય છે. **'समस्त परिणमणुं अठ कम्मं'** નાશ થાય છે, એવો પાઠ છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન પરમાનંદ અનંત ગુણનું ધામ એનો જ્યાં અંતર સ્વભાવમાં એકાકાર થઈને થાપ મારી, આદર કર્યો કે આ જ આત્મા છે (ત્યાં) બધો પરિહાર થઈ ગયો. સમજાણું કાંઈ? મિથ્યાત્વનો પરિહાર અને રાગ-દ્વેષનો પણ જ્યાં પરિહાર નામ ત્યાગ નામ અભાવ થયો અને ભગવાનઆત્માના સ્વરૂપની પૂર્ણ પ્રતીતિનો આદર અને સ્વરૂપમાં સ્થિરતા થઈ તેને અહીં પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહે છે. આહાહા..! દર્શન ઉપર વધારે જોર આપ્યું છે.

વસ્તુ સમ્યગ્દર્શન વિના એક ડગલું પણ આગળ ધર્મનું ચાલી શકે નહિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેની દૃષ્ટિમાં પરમાત્મા નિજ સ્વરૂપનો ભેટો થયો એને ખરેખર પરમાત્માનો શ્રદ્ધા-જ્ઞાનમાં સાક્ષાત્કાર થયો છે. સમજાણું કાંઈ? લોકો નથી કહેતા? કે, એલા તને ભગવાનનો સાક્ષાત્કાર થયો? ભગવાન મળ્યા તને? એ ભગવાન પરમેશ્વર પોતે જેના શ્રદ્ધા ને જ્ઞાનમાં અંતર્મુખ થતાં ભેટો થયો એનું સમ્યગ્દર્શન અને શાંતિનું પરિણમન (થયું) એને અહીંયાં પરિહારવિશુદ્ધ ચારિત્ર કહે છે. અધ્યાત્મથી વાત લીધી છે ને! ઓલી ક્રિયા વ્યવહારની છે એ વાતને જ્ઞાનમાં લીધી. સમજાણું કાંઈ?

**'અહીં અધ્યાત્મદૃષ્ટિથી શબ્દાર્થ લઈને કહ્યું છે...'** એણે ખુલાસો કર્યો છે **'અહીં અધ્યાત્મદૃષ્ટિથી શબ્દાર્થ લઈને કહ્યું છે કે મિથ્યાત્વાદિ વિષયોનો ત્યાગ કરીને સમ્યગ્દર્શનની વિશેષ શુદ્ધિ પ્રાપ્ત કરવી તે પરિહારવિશુદ્ધિ છે.'** બીજી રીતે કહીએ તો મિથ્યાત્વ શ્રદ્ધાનો વિષય પર છે, ઊંધી શ્રદ્ધાનો વિષય પર છે, રાગ-દ્વેષ, આ.. આ.. આ.. આખી ચીજ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ શ્રદ્ધામાં તો આ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ આ.. આ.. આ.. આ અલ્પજ્ઞ એ અસ્તિ આખું આવે છે. એવો વિષય જેને છૂટી ગયો છે અને સમ્યગ્દર્શનમાં સ્વ વિષય જેને પ્રાપ્ત થયો છે. અને રાગાદિમાં પણ વિષય પર છે, રાગ-દ્વેષની પર્યાયમાં વલણ પર ઉપર જાય છે. ઓલી શ્રદ્ધાનો વિષય પર હતો, આ રાગ-દ્વેષની અસ્થિરતામાં પણ, પ્રશસ્ત દેવ-ગુરુ આદિ કે અપ્રશસ્ત સ્ત્રી, કુટુંબ એનો વિષય પર ઉપર જાય છે. એનો વિષય આમ અંદરમાં ફરી ગયો છે. સમભાવ કરીને જેણે આત્માને વિષય બનાવ્યો છે એવા ચારિત્રને પરિહારવિશુદ્ધ ચારિત્ર અધ્યાત્મ શબ્દાર્થથી કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

દિગંબર આચાર્યોએ ભિન્ન ભિન્ન ગ્રંથમાં ભિન્ન ભિન્ન વિધિએ આત્માને ગાયો છે. સમજાણું? કારણ કે આચાર્યનો ક્ષયોપશમ પણ ભિન્ન ભિન્ન વ્યક્તિ છે એટલે હોય અને એના સ્થિરતાના પ્રકાર પણ ઘણા ફેર પડે. ષટ્ગુણહાનિવૃદ્ધિ હોય છે. ભલે છઠ્ઠું ગુણસ્થાન હોય પણ પર્યાયના ભેદ (છે) એટલે એની કથન પદ્ધતિમાં પણ જુદી જુદી જાતની શૈલીએ અધ્યાત્મને પ્રસિદ્ધ કર્યું છે. સમજાણું ?

**'શુદ્ધ આત્માનો (નિર્મળ) અનુભવ જ મોક્ષમાર્ગ છે. તેના બાધક મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છે.'** એને છોડીને જ્યાં જ્ઞાન ને ચારિત્ર એકદેશ ઝળકે છે... જ્ઞાન ને ચારિત્ર. સ્વરૂપનું જ્ઞાન. જ્ઞાન અને ચારિત્ર એટલે? આ જ્ઞાનમૂર્તિ એ ઝળકે છે, પર્યાયમાં પ્રગટ

થાય છે અને સ્વરૂપની સ્થિરતા આત્મામાં પ્રગટ થાય છે. **'તેની પૂર્ણ પ્રગટતા માટે અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયનો નાશ કરીને જેમ જેમ સ્વાનુભવનો અધિક અભ્યાસ થાય છે તેમ તેમ કષાયની મલિનતા ઓછી થતી જાય છે. શ્રાવકપદમાં દેશચારિત્ર હોય છે અને સાધુપદમાં સકલ ચારિત્ર હોય છે.'** સમજાણું? એણે ભંગ પાડ્યો છે. ખરેખર તો આ પરિહારવિશુદ્ધિ છે એ તો મુનિને છે પણ એણે જરી ભેદ (પાડ્યો છે). ખરેખર આ તો મુનિને છે.

વાત જરીક એવી લીધી છે કે સમ્યગ્જ્ઞાનને કારણે ધર્મીને રાગ-દ્વેષનો પરિહાર કેમ વર્તે છે? કે એને કોઈ પદાર્થની વિસ્મયતા લાગતી નથી. જે પદાર્થ જે સ્વરૂપે પરિણમે છે એ રીતે એનો સ્વભાવ વર્તમાન પર્યાયનો છે એથી તેને વિસ્મયતાથી, વિસ્મયતાથી, જે હાશથી જે રાગ થાય અને અવિસ્મય કે આમ કેમ હોય? એવો દુગંછાથી જે દ્વેષ થાય એવો રાગ-દ્વેષ જ્ઞાનમાં પદાર્થની યથાર્થ સ્થિતિનાં ભાસનને લઈને વિસ્મયતા કે છેદતા ન હોવાથી **'છ દ્રવ્યોના મૂળ ગુણ અને પર્યાયોના સ્વરૂપને કેવળજ્ઞાનીની જેમ યથાર્થ અને શંકારહિત જાણે છે.'** શ્રુતજ્ઞાનમાં પણ પરોક્ષતા છે એટલી વાત છે પણ શ્રુતજ્ઞાન કેવળજ્ઞાની જાણે તેટલું જ, તેવું જ જાણે છે. સમજાણું કાંઈ? એ પોતાનાં જ્ઞાનમાં છયે દ્રવ્ય (યથાર્થ જાણે છે).

કાલે રાત્રે થોડું કહ્યું હતું અને આપણે 'કળશ ટીકા'માં આવી ગયું છે. 'કળશ ટીકા' છે ને એમાં (આવી ગયું) કે, આત્માનો એક ત્રિકાળી જ્ઞાનગુણ છે એની એક સમયની દશા છે, એ જ છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી દશા છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે એનો ત્રિકાળી જ્ઞાનગુણ છે, એની એક સમયની અવસ્થા છે. એ એક સમયની અવસ્થા છ દ્રવ્યને જાણવાની, માનવાની... ભલે હજી પરલક્ષી (છે) પણ એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે. સમજાણું કાંઈ? 'કળશ ટીકા'માં વધારે લીધું છે. એણે ઉતાર્યું છે. 'રાજમલજી'એ એવી રીતે ઉતાર્યું છે અને વાત બરાબર છે. પર્યાયને માનતો નથી, છ દ્રવ્યને માનતો નથી એમ ઉતાર્યું છે. છ દ્રવ્યને માનતો નથી એ આત્માની પર્યાયને માનતો નથી. એવી રીતે એ વાત બરાબર છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા...! **'શશીભાઈ'**! જુઓ! આ અન્યમતિ છ દ્રવ્ય માનતા નથી એનો અર્થ કે એ દ્રવ્યનાં એક ગુણની પર્યાયને જ માનતો નથી. એના પોતાના દ્રવ્યની એક પર્યાયનું સામર્થ્ય કેટલું છે એને એ માનતો નથી. સમજાણું કાંઈ? ભાઈએ કહ્યું છે 'ધર્મદાસ ક્ષુલ્લકે' 'સમ્યગ્જ્ઞાન દીપિકામાં' કહ્યું છે, જે કોઈ છ દ્રવ્ય અને છના ગુણ-પર્યાય છે, ઈ છને માનતો નથી તે આત્માને બિલકુલ માની શકે જ નહિ. સમજાણું કાંઈ? 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. ભાષા ક્ષયોપશમ બહુ થોડો છે પણ એની રુચિનું પરિણમન અને અંદર ધમધોકાર ઉપદેશ છે. 'સમ્યગ્જ્ઞાન દિપીકા', 'સ્વાત્માનુભવ મનન' એના બે ગ્રંથ છે. સમજાણું કાંઈ? જોરદાર છે. ક્ષયોપશમ ઓછો છે એટલે વારંવાર પુનરક્તિ બહુ આવી છે, એ તો આવે. આ 'તારણસ્વામી'માં પુનરક્તિ બહુ આવી છે, ઘણી. આ 'તારણપંથ' છે ને? પુનરક્તિ બહુ, પણ અધ્યાત્મનું અંદર જોર એટલું છે એનું, એટલું જોર છે... મારા પ્રમાણે નહિ માને તો **'निगोदम् गच्छइ'** ત્યાં વારંવાર એ કહે છે. નિગોદ જશે.

ભગવાનઆત્મા અભેદ સ્વરૂપ ચિદાનંદ પૂર્ણ પરમાત્મા તારો બિરાજે છે એને એક સમયની અવસ્થા તો નહિ પણ એવો અનંત અવસ્થાનો પિંડ એક ગુણ ને એવા અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય. જેના એક ગુણની એક પર્યાયની તાકાત છ દ્રવ્યને ઝીલી શકે એટલી તાકાત! છ દ્રવ્યને જાણે, શ્રદ્ધે એને કબુલ કરે એટલી એક પર્યાયની તાકાત. સમજાણું કાંઈ? આહાહા..! એવો આ ભગવાનઆત્મા એવી અનંત પર્યાયરૂપ આત્મા, એને જેણે અંતર જાણ્યો એને છયે દ્રવ્યના ગુણ-પર્યાયો કેવળી જાણે છે તેમ એ માને છે અને જાણે છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે, ભાઈ!

આ બધા આત્મા.. આત્મા.. આત્મા કરે પણ આત્મા આત્મા કેવડો ને કેવો? સમજાણું? આત્મા તો હવે અત્યારે ઘણા ગાય છે. અહીંની વાત ૩૦-૩૧ વર્ષથી બહાર આવી ને! ઘણાય આત્મા ગાવા માંડ્યા. હમણા કોણ કહેતું હતું? 'રજનીશ'નું કાલે કો'ક કહેતું હતું. 'રજનીશ'નું આમ છે, ફલાણું છે, ઢીકણું છે. 'મુંબઈ' અરે..! ભગવાન! ભાઈ!

મુમુક્ષુ : મુંબઈમાં એના અનુયાયીઓ ઘણાં છે.

ઉત્તર : મળે, ભાઈ! આખી દુનિયા પડી છે. કીડીના નગરા ઘણા હોય. આ કીડીઓ નથી નીકળતી? એના શું કહેવાય એ? સાંજનાં લોટ નાંખે છે ને? એની ભાષા શું છે? બિલ.. બિલ ને? કાંઈક નામ હશે. સાંજે કીડીઓ બહુ નીકળે, પછી આ લોટ નાખે. આટા! અમારે નગરા કહે છે, નગરા એટલે એનું નગર એટલે ઘર. સાંજે બહુ હોય, સાંજે બહુ નીકળે. લાખો નીકળે એટલે કંઈ માણસ થઈ ગઈ કીડીયું? અહીં પહેલા બહુ નીકળતી.

આ તો ભગવાનઆત્મા આવડો છે કે જેના એક ગુણની, એક સમયની એક પર્યાય જે છ દ્રવ્યને જાણે એવું તો એક પર્યાયનું સ્વરૂપ સામર્થ્ય છે, એવો આત્મા. એમ આત્મા આત્મા કરે એમ ન ચાલે. સમજાણું કાંઈ? એવી અનંતી પર્યાયો જેનાં ગુણમાં, જ્ઞાન ગુણમાં પડી છે. એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણે એવી અનંતી પર્યાયો ગુણમાં પડી છે. એવા અનંતી પર્યાયનો એક ગુણ, એને શ્રદ્ધવાની શ્રદ્ધાનો ગુણ એની એક સમયની પર્યાય આટલાને શ્રદ્ધે, હજી ભલે પર તરફમાં (છે), પણ એ શ્રદ્ધાની પર્યાયની એટલી તાકાત છે કે બધા ગુણોની પર્યાયની આવી તાકાત છે, એની પર્યાય શ્રદ્ધે છે. એવી અનંતી પર્યાય એના શ્રદ્ધા ગુણમાં પડી છે. સમજાણું કાંઈ? એવો એક ચારિત્ર ગુણ એટલો, એવો એક આનંદ ગુણ, એવો એક સ્વચ્છતા ગુણ, એવો એક પ્રભુતા ગુણ, એવો એક કર્તા ગુણ, એવો એક કર્મ ગુણ, એવો એક કરણ ગુણ એનામાં છે. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા તો મોટો ભગવાન છે, ભાઈ!

એ કહે છે કે, એવો આત્મા જેને ભાસ્યો, આ એને છ દ્રવ્યના મૂળ ગુણ, મૂળ એટલે સામાન્ય અને પર્યાયનાં સ્વરૂપ કેવળજ્ઞાનીની સમાન યથાર્થ શંકા રહિત જાણે છે. શંકા કેવી? શંકાનો તો ભૂહાંડિયો વળી ગયો. ત્યાં નિઃશંક દશા આત્માની થઈ ગઈ. ભગવાન જ આવડો મોટો છે! ઓહો..હો..! આ બધા કામ જુઓને, જગતમાં અનેક થઈ રહ્યા છે. થાય છે, હોય છે, બગડે છે એમ લોકોની ભાષાએ, વ્યય થાય છે, ઉત્પન્ન થાય છે એ બધો પર્યાય ધર્મ છે. એમાં જ્ઞાનીને કોઈ કોઈનો કર્તા ભાસતો નથી ને તેમાં તેની અદ્‌ભુતતા ને વિસ્મયતા લાગતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! સાધારણ પ્રાણીને તો એવું લાગે કે આ શું? સમજાણું?

એક પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચીરે, ગતિ કરે. પહેલે સમયે ગતિ નહોતી ને બીજે સમયે થઈ એનું કારણ કોણ? એક પરમાણુ પોઈન્ટ છે, એ વસ્તુ એવી કોઈ છે. એક પોઈન્ટ પરમાણુ છે એ એક સમયમાં આમ છે, બીજે સમયે એક પ્રદેશે જાય, ત્રીજે સમયે ચૌદ બ્રહ્માંડ જાય. કારણ કોણ? પર્યાયની વિસ્મયતા જ્ઞાનીને પણ આવતી નથી, એ એનો સ્વભાવ છે. બીજે સમયે ભલે પછી ઠરી જાય. એ એક સમયમાં આમ કેમ? આમ કેમ એ સમયનો એનો એવો સ્વભાવ છે. સમજાણું? એવું જ્ઞાનીએ છ દ્રવ્યનાં મૂળ ગુણ પર્યાયના સ્વભાવને જાણ્યા છે. સમજાણું કાંઈ?

**'એવા દઢ જ્ઞાન અને વૈરાગ્યના ધારક સમ્યગ્દષ્ટિ પૂર્વ કર્મોના ઉદયથી જો કે ગૃહસ્થ પદમાં ગૃહસ્થને યોગ્ય અનેક કાર્ય કરતા...'** કરતા એટલે દેખાય છે, **'કરતા દેખવામાં આવે છે તોપણ તે તે કાર્યો આસક્તિ ભાવથી કરતા નથી.'** અહીં પરિહાર છે ને! પરિહાર, પરિહાર કરવો છે. નહિ.. નહિ.. નહિ. ભાવમાં જોડાય છે એમ દેખાય છે, કરે છે જાણે. આ હાલવું ને ચાલવું ને રાંધવું ને ખાવું ને બધી ક્રિયાઓનો જ્ઞાની કર્તા થતો નથી. જાણનાર રહીને જ્ઞાન તેને અલગ રાખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે...)**

# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન

રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૪૭

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧.

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨.

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩.

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪.

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫.

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬.

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭.

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮.

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯.

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦.

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧.

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨.

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩.

કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪.

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫.

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬.

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭.

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮.

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯.

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦.

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, પત્રાંક ૨૬૪.


કૃપાળુદેવ નિવૃત્તિ ક્ષેત્રમાં લગભગ ભાદરવા / આસોમાં આવતા હતા. ૨૪મા વર્ષે પણ આ ખંભાત બાજુ આવેલા હશે. ખંભાતની બાજુમાં રાળજ કરીને ગામ છે. એ ગામમાં થોડા દિવસ રહ્યા હતા, ત્યાં એમણે આ બધા પદ ભાદરવા મહિનામાં બનાવ્યા છે, (પત્રાંક નંબર) ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૨૬૭–ચાર પદ ત્યાં રાળજમાં બનાવ્યા છે. એમાં વીસ દોહરા બનાવ્યા છે એ લલ્લુજી મહારાજ માટે બનાવ્યા છે. એ ભૂમિકાનો આ વિષય છે કે જે ભૂમિકામાં કોઈ જીવ જ્યારે આત્મકલ્યાણની સૂઝમાં નથી આવતો, કેવી રીતે મારે આત્મકલ્યાણ કરવું એનું સૂઝતું નથી ત્યારે એ જીવે એવી ઈચ્છા કરવી ઘટે કે મને કોઈ સત્પુરુષનું શરણ મળી જાય તો સારું; જેથી મારા અકલ્યાણ, કલ્યાણ (અર્થે) એક guardian (વાલી) તરીકે તે મને દોરી જાય એવી ભાવના અને એવી ઈચ્છા થાય એવા અર્થમાં આ પદ બનાવીને શ્રી લલ્લુજીને મોકલેલું છે.

**'હે પ્રભુ, હે પ્રભુ, શું કહું, દીનાનાથ દયાળ;'**

હે પ્રભુ ! ખાસ કરીને મુમુક્ષુ પોતાના શ્રીગુરુ અથવા સત્પુરુષને અહીંયાં પ્રભુ કહીને સંબોધન કરે છે, કે હું આપને શું કહું ? આપ તો મારા દેવ છો આપ મારા નાથ છો, અને દયાળુ છો.

**'હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.'**

હું અનંત દોષનું ભાજન છું ભાજન એટલે પાત્ર. હે કરુણાનિધાન ! મારામાં અનંત દોષ ભરેલા છે. એ રીતે શ્રીગુરુને કરુણાનિધાન પણ કહે છે. કરુણાળ પણ કહે છે. આપની ઘણી કરુણા છે. અને મારા આત્મકલ્યાણ અર્થે હું આ નિવેદન કરું છું કે મારામાં તો દોષનો પાર નથી. અનંત દોષ છે એટલે કે મારામાં તો દોષનો પાર નથી. ક્યારે પરિણામ ક્યાં જાય છે, કેટલા નીચા ઊતરી જાય છે, એના ઉપર મારો કોઈ Control નથી ગમે ત્યારે ગમે તેવા ભાવ થઈ જાય છે. અને એ એમ સૂચવે છે કે મારામાં કોઈ દોષનો પાર નથી. કેટલાક કહું ? શું કહું એટલે કેટલાક કહું ? એમ કહીને પણ જેટલા કહી શકાય એટલા અહીંયાં કહ્યા છે.



પ્રશ્ન : Control કેમ નથી રહેતો ?

પૂ. ભાઈશ્રી : Control ક્યાંથી રહે ? અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. આત્મકલ્યાણની સૂઝ નથી. કઈ વિધિએ અને કઈ પદ્ધતિએ આત્મકલ્યાણ થાય એ ખબર નથી તો પરિણામોનું ઠેકાણું ન જ રહે ને ! પૂર્વે અનેક પ્રકારનાં વિભાવ ભાવો કર્યા છે અનેક પ્રકારના અપરાધ કર્યાં છે, એ વખતે જે કર્મ બાંધ્યા છે, એ જ પાછાં ઉદયમાં આવે છે. ઉદયમાં આવે છે. ત્યારે પોતાનો Control નહીં રહેતો હોવાથી પોતે ઉદયમાં જોડાઈ જાય છે. વળી પાછાં પરિણામ બગાડે છે. આમ ને આમ પરિસ્થિતિ ચાલુ ને ચાલુ રહે છે. પાછાં એ પરિણામ બગાડે અને નવા કર્મ બાંધે. ફરીને પાછો એનો ઉદય આવે ત્યારે એથી વધુ નવા કર્મ બાંધે. એમ ને એમ જીવ નીચે ઊતરતો ઊતરતો, અધોગતિમાં ચાલ્યો જાય છે. પોતાનો Control પોતા ઉપર છે નહીં અને રહેતો નથી. કરવું શું ? એ કાંઈ ખબર રહેતી નથી. ત્યારે એણે એવું ઈચ્છવું ઘટે, એવું ઈચ્છવું જોઈએ કે હું કોઈ સત્પુરુષના ચરણમાં ચાલ્યો જાઉં અને એની આજ્ઞામાં રહી મારું આત્મકલ્યાણ એ કહે તેવી રીતે હું કરું. કેમકે કેવી રીતે કરવું એ તો મને ખબર નથી. માટે પહેલાં પોતાની સ્થિતિ કહી દે છે કે મારી આવી ખરાબ સ્થિતિ છે, હવે આપને જેમ ઠીક લાગે એમ મને કહો અથવા મને જે રીતે Treatment આપો એ રીતે હું તૈયાર છું.

**'શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;'** મારું અંતઃકરણ શુદ્ધ નથી, બહુ મલિન અંતઃકરણ છે. અને તમે જ મારા સર્વસ્વ છો. એવું પણ મને આવ્યું નથી.

**'નથી લઘુતા કે દીનતા,'** મારામાં નમ્રતા પણ નથી અને જે દીનતા હોવી જોઈએ એટલે મારાં કલ્યાણ માટે મારે જે યાચના કરવી જોઈએ એવા ભાવ પણ મારી પાસે નથી. દીન માણસ શું કરે ? યાચના કરે. દીનપણે યાચના કરે. અહીંયા લૌકિક દીનતાની વાત નથી. અહીંયા જે પોતાના આત્મ-કલ્યાણ માટે યાચના કરવી જોઈએ એવી યાચના કરવા જેવા પરિણામ પણ મારામાં નથી રહ્યા, એમ કહે છે. એવો અહંભાવ મને વર્તે છે.

**'શું કહું પરમસ્વરૂપ?'** આપ તો પરમસ્વરૂપે છો. હું આપને શું કહું? **'નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;'** શ્રીગુરુની આજ્ઞા મારે ઉઠાવવી, એમાંથી ચલિત ન થવું, આજ્ઞાઆધીનપણે જ રહેવું, આજ્ઞાપાલનમાં વિચલિત ન થવું, એવું પણ મારા હૃદયમાં નથી. ઉર એટલે હૃદય. એવું મારાં હૃદયમાં છે નહીં. માત્ર ઉપર-ઉપરથી બધુ કહું છું કે આપ મારા ગુરુ છો, મારે આપની આજ્ઞામાં રહેવું જોઈએ, મારે આપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ, આજ્ઞાંકિતપણે મારે વર્તવું જોઈએ-ખરેખર હૃદયમાં એવું નથી; એ બધો ઉપર-ઉપરથી રાગ થાય છે, પણ મારું હૃદય નથી, એમ કહે છે. શું કહે છે ? **'નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;'** જો એ (આજ્ઞા) હૃદયથી ગ્રહણ કરી હોય તો તો પરિણામ બરાબર મક્કમ રહે, અને આજ્ઞા ભંગ ન થાય. પણ એવું મેં નક્કી નથી કર્યું.

**'આપ તણો વિશ્વાસ દઢ, ને પરમાદર નાહીં.'** આપના પ્રત્યે દઢ વિશ્વાસ નથી, કયારેક કેવા વિકલ્પ આવી જાય છે, કયારેક કેવી શંકા થઈ જાય છે, કયારે કાંઈક થઈ જાય છે, તો કયારેક કાંઈક થઈ જાય છે એટલે કે આદરબુદ્ધિ તો પૂરી છે નહીં માટે જ એવું થાય છે. એટલે પરમ આદર જે આવવો જોઈએ એ આદર પણ મને હજી આવ્યો નથી.

**'જોગ નથી સત્સંગનો,'** સત્સંગનો મને યોગ નથી. **'નથી સત્સેવા જોગ;'**

અને સત્પુરુષની સેવા કરવાનો યોગ પણ નથી. સત્સંગનો યોગ નથી અને સેવા કરવાનો પણ યોગ નથી. **'કેવળ અર્પણતા નથી,'** અને જે સર્વાર્પણપણું આવવું જોઈએ, કેવળ અર્પણતા એટલે સર્વાર્પણપણે જે અર્પણતા આવવી જોઈએ એ અર્પણતા મને આવી નથી. હજી શરીર, કુટુંબ, પરિવાર વ્યવહાર એ બધાની મુખ્યતા એવી રહે છે કે આપ ગૌણ થઈ જાવ છો. આપની મુખ્યતામાં એ બધું ગૌણ થઈ જવું જોઈએ પરંતુ એમ નથી થતું.

**'નથી આશ્રય અનુયોગ.'** અને આપના આશ્રયમાં રહેવું જોઈએ, અનુસરવું જોઈએ, આપના સમાગમને અનુસરીને આશ્રયમાં રહીને, અનુસરવું જોઈએ. એવો પણ અનુયોગ મારામાં નથી. અનુસરવાનો યોગ તેને 'અનુયોગ' કહે છે. કૃપાળુદેવે યોગ શબ્દનો પ્રયોગ જુદી જુદી રીતે બહુ કર્યો છે એમનો શબ્દ સંયોજનનો જે ક્ષયોપશમ છે એમાં આ પ્રકાર વિશેષ છે.

**'હું પામર શું કરી શકું ? એવો નથી વિવેક'** અને એવો પણ વિવેક નથી કે હું પામર શું કરી શકું ? વળી જાણે હું કાંઈક છું, હું સમજું છું, હું કાંઈક કરી શકું છું, કાંઈક કરું છું, એ પ્રકારનો અહંભાવ મને વર્તે છે. પણ એવો વિવેક, મને આવતો નથી કે હું પામર છું શું કરી શકીશ ? મારી તો કોઈ શક્તિ જ નથી ! જયારે પરિણામો ગમે ત્યારે ગમે તેમ ચાલી જાય છે તેનો અર્થ શું છે કે હું કાંઈ કરી શકું એવી યોગ્યતા મારામાં છે જ નહીં. અને હું ઘણો પામર છું તેમ છતાં એવું મને લાગતું નથી. જે પામરતા Feel થવી જોઈએ એ Feel થતી નથી.

આમ તો આ વીસ દોહરા એવા છે કે જે જીવ વેદનામાં ન આવ્યો હોય અને આ નિવેદનના સ્થાને પોતાને ગોઠવી દે, Involve કરી દ્યે તો વેદના ચાલુ થઈ જાય, એવા ભાવવાહી આ દોહરાઓ છે. પોતાની જાતને અંદર ભેળવી દેવાનું થવું જોઈએ. એ જગ્યાએ હું જ છું એવું પોતાને સ્પષ્ટપણે લાગે તો વેદના ચાલુ થઈ જાય. પોતે પોતાને પામર તરીકે Feel કરે, અનુભવ કરે કે હું શું કરી શકું ? કેટલી પામરતા છે મારામાં ! એક નાનામાં નાના સંયોગમાં હું આખે-આખો વેચાઈ જાઉં છું. જેવો એક સામાન્ય કોઈ પદાર્થ દેખાય ત્યાં ઈષ્ટ-અનિષ્ટપણું થઈ

જાય. કોઈ પણ ચીજનો સંયોગ થાય ને ઈષ્ટ-અનિષ્ટપણું થઈ જાય. એક ભાણામાં શાક બરાબર ન થયું હોય તો અનિષ્ટપણું થઈ જાય. જરાક ઠીક થયું હોય તો ઈષ્ટપણું થઈ જાય. મારામાં કેટલી બધી પામરતા છે ! શું?

પ્રશ્ન : આપને ભી ઈસ પદકા અપનેમેં પ્રયોગ કીયા હૈ?

પૂ. ભાઈશ્રી : હાં, શુરૂ શુરૂમેં હમ યે બહુત લેતે થે, બહુત લેતે થે. કંઠસ્થ હો ગયા થા. ખાસ કરકે સુબહ સત્સંગકો જાતે થે, ઘરસે સવા ચાર બજે નિકલતે થે પાંચ બજે પહુંચતે થે. હમારા સત્સંગકા સમય થા ૫ સે ૭ બજે તકકા, ૭–૭ાા સે ૨–૨ાા ઘંટે સત્સંગ કરતે થે. ઉન દિનોમેં ચાર બજે ઉઠ જાતે થે. કુલ્લા વગેરે કર લેતે થે, તબ ફિર વહાઁ સે સત્સંગ કે બાદ ચાઈ – પાની પિકર નિકલતે થે, ઘર પર સિર્ફ મુઁહ સાફ કર લેતે થે. ઔર ફિર નિકલ જાતે થે. સાધન કોઈ નહીં થા, ઉસ જમાનેમેં હમારે પાસ સાઈકિલ ભી નહી થી, કરીબ દો મીલ પૈદલ હી જાતે થે. દો મીલ માને કિતને કિલોમીટર હો ગયે ? કરિબ તીન કિલોમીટર, અભી સુબહ પૈંતાલીસ મિનિટ ચલતે હૈં ઉતના હી, બસ ! સિટીમેંસે ઈધર આ જાતે થે, કરીબ પૈંતાલીસ મિનિટ લગતી થી. પૈંતાલીસ મિનિટ હમારા યહી (બીસ દોહા) ચલતા થા, ઔર કાફી વેદના ભી રહતી થી. અપનેકો involve કરે તો તો વેદના આ જાય ઐસી બાત હૈ. ઐસી રચના કૃપાલુદેવને જ્ઞાનદશામેં બનાઈ હૈ, જ્ઞાનદશામેં લિખી હૈ, વહાઁ બૈઠકર લિખી હૈ – ફિર ભી વેદનાકી ભૂમિકામેં બૈઠકર લિખા હો, ઐસી બાતેં આયી હૈ.

પ્રશ્ન : લિખતે સમય વેદનામેં આકર લિખા હૈ ?

સમાધાન : નહીં, ઉસ વક્ત, લિખતે વક્ત ઉનકો વેદના આઈ હૈ ઐસી બાત નહીં હૈ, લેકીન રચના કરનેકા સામર્થ્ય એસા હૈ કિ જિસ ભૂમિકા કી રચના કરતે હૈં, Exact કર પાતે હૈં. ક્યોંકિ ભૂતકાલકા અનુભવ તો સ્મરણમેં હોતા હૈ ન ! રહતા હૈ કિ નહી રહતા હૈ ?

પ્રશ્ન : જોગ નથી સત્સંગનો.... (એમાં શું કહેવા માગે છે?)

સમાધાન : યોગ હોય, તો એ યોગમાં આપણે કેટલું લીધું ? ત્યારે તો યોગ છે. નહીં તો યોગ પણ અયોગ જ છે ને, બીજું શું? **'વિષય કષાય સહિત જે, રહ્યા મતિના યોગ; પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.'** સત્સંગ હોવા છતાં જેણે એવા વિષમ પરિણામ રાખ્યા તેને એ વિષમ પરિણામને લઈને એ યોગ પણ અયોગ બરાબર સાબિત થયો, સિદ્ધ થયો. એટલે સત્સંગનો યોગ હોય તો સત્સંગમાંથી ગ્રહણ થવું જોઈએ. ન ગ્રહણ કરે તો પરિણામની વિષમતા છે એટલે ગ્રહણ થતું નથી. માટે તેનો ખેદ થવો જોઈએ, કે યોગ હોવા છતાં અયોગ બરાબર મારી સ્થિતિ રહી છે (તો) એનો ખેદ થવો જોઈએ. સો રૂપિયાની નોટને ઓચિંતી ઝાળ લાગે અને એક સેકન્ડમાં રાખ થઈ જાય, તો કેવું લાગે ? ત્યાં તો સો રૂપિયાના પુણ્ય બળ્યાં, અહીં તો અમૂલ્ય સત્સંગ યોગ છે, કે જે અમૂલ્ય પુણ્યનો યોગ છે. જો એમાંથી કાંઈ ન લીધું તો એ નોટને બાળી નાખી અને રાખ કરી, હાથમાં શું આવ્યું ? કે રાખ આવી. પુણ્ય વપરાઈ ગયા, પુણ્ય બળી ગયા, હાથમાં આવી રાખ. ઓલી સો રૂપિયાની નોટ એક સેકન્ડમાં બળી જાય તો દુઃખ થાય, આ એથી (પણ વધારે) કે જેનું મૂલ્ય ન થઈ શકે એવી નોટ (બેઠો બેઠો) બાળે છે. બેઠો બેઠો હાથે કરીને દીવાસળી ચાંપે છે.

**'ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.'** મૃત્યુ સુધી જે ચરણ-શરણ ગ્રહણ કરવું જોઈએ, સત્પુરુષનાં ચરણનું શરણ ગ્રહણ કરવું જોઈએ એટલે કે છેક સુધી આમરણાંત, જીવન પર્યંત, એ પણ મેં કર્યું નથી.

**'અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.'**

જ્ઞાનીનું જે માહાત્મ્ય આવવું જાઈએ, જ્યારે તે અચિંત્ય મહિમાધારી છે, તો એમનું માહાત્મ્ય પણ એવા પ્રકારે જ આવવું જોઈએ, અને જે ભાવમાં પ્રફુલ્લિતતા આવવી જાઈએ, એ નથી. જો ખરેખર યોગ થયો હોય તો એવો પ્રકાર આવે. જો સત્સંગનો યોગ થયો હોય તો એવા પ્રકારનો પ્રફુલ્લિત ભાવ આવે, અને ઘણો મહિમા આવે. **'અચિંત્ય'** ..એવો પ્રકાર હજી મારામાં આવ્યો નથી. એટલે કે યોગ થયો છે પણ હું ઠેકાણા વગરનો છું, એમ લ્યે છે

અને એનો ખેદ થાય છે. એ ખેદ કરતાં કરતાં આ વાત કરે છે. આ બધા જે વચનો છે એ ખેદ સહિતના છે. શું? ખેદ એટલે એવો સ્વભાવિક ખેદ ઊપજે છે કે એક વખત તો એને રોક્વા માંગે તોપણ રોકાય નહીં, એવો ખેદ થાય છે, અને અંદરથી જીવ બળે. શું થાય? અંદરથી જીવ બળે. **'અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ.'** મહિમા આવીને જે પ્રફુલ્લિત ભાવ આવવો જોઈએ, એ પ્રકાર હજી મને આવતો નથી, આવ્યો નથી.

**'અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.'**

વળી આપનાથી પ્રભાવીત થઈને, મને જે સ્નેહ–જે પ્રેમ આવવો જોઈએ તેનો એક અંશ પણ હજી મને આવ્યો નથી. રાગ થવો એ બીજી વાત છે અને સ્નેહ થવો બીજી વાત છે, બેય જુદી જુદી વાત છે, શું? રાગ છે એ ઉપરછલ્લો થાય છે. પ્રેમ જે થાય છે, સ્નેહ જે થાય છે તે અંદરથી થાય છે અને એનો સંબંધ ગુણ સાથે હોય છે, સ્નેહનો, પ્રેમનો, સંબંધ ગુણ સાથે હોય છે. રાગનો સંબંધ ગુણ સાથે નથી. રાગ છે એ કલ્પિત ભાવ છે, જેનું કોઈ ઠેકાણું નથી. જેનું, કોઈ, ઠેકાણું નથી – કેમ? કે રાગ ક્યારે દ્વેષમાં પલટશે એનો કોઈ નિયમ રહેવાનો નથી. કઈ ક્ષણે એ રાગ પલટો મારીને, દ્વેષમાં આવશે એની કાંઈ ખબર નહીં રહે. એટલે એમ કહે છે કે મને જે થવું જોઈએ એવું કાંઈ નથી થયું. આપનાથી પ્રભાવિત થઈને જે સ્નેહ, જે નિર્મળ, પ્રેમ આવવો જોઈએ, એનો એક અંશ પણ આવ્યો નથી., રાગ થાય એ શું કામનું? રાગ તો કાંઈ કામની ચીજ નથી, એ પોતે જ દોષ છે, રાગ છે એ પોતે જ દોષ છે.

**'અચળરૂપ આસક્તિ નહીં, નહીં વિરહનો તાપ;**
**કથા અલભ તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ.'**

બહુ સરસ ભાવ લીધા છે! શું! કે જે આપના પ્રત્યેની આસક્તિ અચલિત રહેવી જોઈએ, ચલાયમાન ન થાય એવી હોવી જોઈએ એવી આસક્તિ પણ (મને) થઈ નથી, થતી નથી. અને મને આપના વિરહનો તાપ, (નથી લાગ્યો) (તાપ એટલે), સહન ન કરી શકાય એવી સ્થિતિ – એવું પણ મને કંઈ થતું નથી. એટલે કે એ સિવાયના સંયોગો, એ સિવાયના ઉદયો, એના ઉપર મારું એટલું વજન છે કે આપનો સંયોગ (કે), વિયોગ હોય એનો કાંઈ ખાસ ફરક મને દેખાતો નથી (એમ લાગે છે કે), ઠીક છે, પણ જે વિયોગનો તાપ લાગવો જોઈએ, પરિતાપ લાગવો જાઈએ, ઘણો તાપ લાગવો જોઈએ, સહન ન થાય એવો તાપ લાગવો જોઈએ એ પ્રકાર હજી મારામાં આવ્યો નથી. અને જે તમારો અલભ્ય પ્રેમ છે એની કથા, એનું કહેવું એ પણ મારામાં નથી. શું? મહિમા આવે, તો વાત કરું ને! જેને મહિમા આવે, એ વાત કર્યા વગર, રહી શકે નહીં. એ નથી એનો પણ મને પરિતાપ નથી.આસક્તિ નહીં હોવાથી વિરહનો તાપ નથી, આસક્તિ હોય તો વિરહનો તાપ લાગ્યા વગર રહે નહીં. એવી જે Feeling position હોવી જોઈએ. એવી જે લાગણીની સ્થિતિ હોવી જોઈએ, એવી કોઈ લાગણી મારામાં ઉત્પન્ન થઈ નથી. કેમ ન થઈ? કે હું દર્શનમોહ આદિ ઘણાં દોષથી ભરેલો છું. એવી લાગણી નહીં થવાનું શું કારણ? કે હજી મારો દર્શનમોહ ઘણો ગાઢ છે, ઘણો તીવ્ર છે, એટલે આ બધું જે થવું જોઈએ તે થતું નથી. દર્શનમોહનો અનુભાગ ઘટે ત્યારે આ બધું ઊભું થાય, પરંતુ એ થયું નથી, એ થતું નથી.

**'ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન; સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.'** જે યથાર્થ ભક્તિ આવવી જાઈએ, બહુમાન જે યથાર્થપણે હોવું જોઈએ, એમાં હજી મારો પ્રવેશ થયો નથી. જેને ભક્તિ માર્ગ કહીએ એ માર્ગમાં તો (પ્રવેશ થયો જ નથી) માર્ગ એટલે ઉપાય, એમાં તો હજી મારો પ્રવેશ જ થયો નથી એવું લાગે છે. શું? **'ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;'** અને જે ભજન થવું જોઈએ (એ પણ થયું નથી) પછી (મન) આપને જ ભજે, મન છે એ બીજાને ભજે નહીં, એવી દૃઢતા જે આવવી જોઈએ એ પણ નથી. એ સંબંધીનું કંઈ ભાન પણ નથી, કે એ કેવી સ્થિતિ હોય!

**'સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.'**

અને મારો જે આત્મધર્મ છે એની મને કોઈ સમજ નથી અને મને કોઈ આત્મધર્મ પ્રાપ્ત થાય, એવા ઠેકાણે મારું સ્થાન પણ નથી. વળી એવા સ્થાનમાં, એવા ક્ષેત્રમાં

પણ મારું રહેવું થતું નથી.

**'કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;**
**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.'**

**'કાળદોષ કળિથી થયો,'** કળિ કાળમાં જન્મ થયો અને જે વિષમ પરિસ્થિતિ છે એ અનુસાર મારા પરિણામ પણ વિષમ જ છે. ખરેખર તો વિષમ પરિણામો છે એ જ વિષમ કાળ છે પછી એને લગતા બહારના સંયોગો હોય છે એટલે આરોપ એના ઉપર કરવામાં આવે છે પણ મૂળમાં તો જીવના પરિણામ જ વિષમ છે એટલે પછી આ કળિયુગમાં કોઈ મર્યાદા રહેતી નથી. એ કળિકાળનો, પંચમ કાળનો પુરાવો છે કે એ મર્યાદાધર્મ રહેતો નથી.

પ્રશ્ન : મર્યાદા એટલે આજ્ઞારૂપ ધર્મ?

પૂ. ભાઈશ્રી : હા, આજ્ઞારૂપ ધર્મ, એમાં શું છે? વિચિત્રતા કેવી હોય છે જેનું એક દૃષ્ટાંત લઈએ. ગુરુદેવને ગુરુદેવ તરીકે બધા વંદન કરે, ચરણ સ્પર્શ કરે, પ્રવચન સાંભળે, નમસ્કાર કરે પણ જ્યારે પોતનો અભિપ્રાય સ્પષ્ટપણે ખ્યાલમાં આવે કે મારો અભિપ્રાય અને એમના અભિપ્રાયમાં વિરુદ્ધતા છે ત્યારે મર્યાદા તો એ છે કે પોતે પોતાનો અભિપ્રાય મૂકી દેવો જોઈએ.

શ્રોતા : પોતાનો અભિપ્રાય મૂકી દેવો જોઈએ?

પૂ. ભાઈશ્રી : હા, મૂકી દેવો જોઈએ. જેમકે ગુરુદેવશ્રીએ જાહેર કર્યું કે સોગાનીજી એક જ્ઞાનીપુરુષ થઈ ગયા. છતાં અમુક લોકો અભિપ્રાય ફેરવી ન શક્યા. તો એ મર્યાદા બહારનો વિષય થઈ ગયો. નહિતર શ્રી ગુરુ કહે એટલે વાત finish થઈ જાય છે. ત્યાં પૂર્ણવિરામ આવી જાય. મને સમજાય ન સમજાય, મને ખબર પડે ન પડે, એ પ્રશ્ન રહેતો જ નથી; તેઓ દિવસ કહે તો દિવસ ને રાત કહે તો રાત. નહીંતર મર્યાદા છૂટી જાય છે. એટલે કૃપાળુદેવે કહ્યું **'કાળદોષ કળીથી થયો, નહીં મર્યાદા ધર્મ'** એટલે એના ઉપરથી એવું લાગે છે કે કે સત્યુગમાં એવું કદાચ નહીં થતું હોય. આ કાળે જે આવા પ્રકારો જોવા મળે છે એ પ્રકારો કદાચ સત્યુગમાં નહિ જોવા મળતો હોય.

**'તોયે નહીં વ્યાકુળતા'** તોપણ એની વ્યાકુળતા, એનું દુઃખ થવું, એનો ખેદ થવો એવું કાંઈ મને થતું નથી. મારાં કર્મ તો જુઓ! કર્મ એટલે મારી યોગ્યતા અયોગ્યતા તો જુઓ ! કેમકે પોતે ઉદયાધિન પરિણમે છે ને કર્મને આધિન થઈને વર્તે છે, પ્રકૃતિ પાસે હારી જવાય છે, જુઓ આ મારા કર્મ ! વળી એનો પણ મને ખેદ થતો નથી.

**'સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;**
**દેહેંદ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ'**

આપની સેવામાં રહેતા, જે બંધન આડા આવે છે એનો હું ત્યાગ નથી કરતો. એટલે કે (હું) એટલો પ્રતિબંધમાં છું, એ પ્રતિબંધનો મેં ત્યાગ નથી કર્યો, એટલે આપની સેવા હું કરી શકતો નથી. મારા કુટુંબ-પરિવારની હું સેવા કરુ છું. મારા સંયોગો અનુકૂળતા-પ્રતિકૂળતાની સેવા કરું છું અને એ બંધન આડે હું આપની સેવા નથી કરતો. અને પ્રતિકૂળ જાઉં છું, સેવાથી હું પ્રતિકૂળ વર્તું છું. હજી પણ એવા બંધનનો મેં ત્યાગ કર્યો નથી, પરંતુ પૂરેપૂરો બંધનમાં પડ્યો છું.

**'દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.'**

વળી મને જે પંચેન્દ્રિયના વિષયો જોઈએ, એનું જોર એટલું બધું છે કે એના રાગમાં હું તણાવ છું. એના રાગમાં તણાયા વગર મારે જે આપની સેવામાં રહેવું જોઈએ, એ હું કરી શકતો નથી. આ પરિસ્થિતિ ખેદને લઈને અસહ્ય થવી જોઈએ, તેમ છતાં પણ વ્યાકુળતા થતી નથી.

**'તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;**
**નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં,'**

જે વિયોગનું દુઃખ લાગવું જોઈએ, એ લાગતું નથી. **'વચન નયન યમ નાહિં;'** એ અંગેના વચન, એ અંગેનો દૃષ્ટિકોણ, એ અંગેનો સંયમ, યમ એટલે સંયમ, એવું કાંઈ મારામાં નથી.

**'નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં,'** અને ઘરમાં અનભક્તથી જે ઉદાસીનતા આવવી જોઈએ (એવી) ઉદાસીનતા અને નિરસતા પણ મારામાં જરાય નથી.

**'અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ;**
**નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.'**

હું અહંભાવથી રહિત નથી એટલે હજી મને અહંભાવ

ઘણો વર્તે છે, ધર્મના ક્ષેત્રમાં જે કાંઈ થોડી ઘણી પ્રવૃત્તિ થાય છે એ પ્રવૃત્તિ કરતાં તો અહંભાવ ઘણો વધી જાય છે. શું? કેશવલાલભાઈએ (પત્રાંક ૭૦૬માં) કહ્યું ને કે કાંઈક પણ કરવા જઈએ છીએ ત્યારે એનો અહંભાવ એથી વધારે થઈ જાય છે, (તો) હવે કરવું શું ? કાંઈ પણ ત્યાગ કરીએ છીએ તો ત્યાગનો અહંભાવ વધી જાય છે. **'સ્વધર્મ સંચય નાંહિ'** સ્વધર્મનો સંચય એટલે પ્રાપ્ત કરવું. નિજધર્મની પ્રાપ્તિ મેં કાંઈ કરી નથી. પરિણામોમાં નિર્મળપણે જે નિવૃત્તિ એટલે. કે નિરસપણું આવવું જોઈએ, એવું પણ કાંઈ આવ્યું નથી. અન્યધર્મની એટલે અન્ય પદાર્થના પર્યાયો સંબંધી, અન્ય પદાર્થનો ધર્મ એટલે પર્યાયો સંબંધી, જે નિરસપણું આવવું જોઈએ, એવું પણ કાંઈ મારામાં આવ્યું નથી.

શ્રોતા : આમાં અનભક્ત લીધું છે એટલે ભક્તિ ન હોય એવા બીજા મનુષ્યો?

પૂ. ભાઈશ્રી : હા એના સંગમાં પણ હું રસ લઉં છું. એથી મને જે ઉદાસીનતા આવવી જોઈએ, અસત્સંગથી જે ઉદાસીનતા આવવી જોઈએ, એવો પ્રકાર પણ મારામાં નથી. જૂના પરિચિતો મળી જાય, તો રસ પડી જાય. તેનું સ્મરણ થાય તો રસ પડી જાય. અને ઘરની અંદર જે નિરસપણું આવવું જોઈએ, ઘર અને ઘરનાં કાર્યો, એમાં જે નિરસપણું આવવું જોઈએ એ નિરસપણું પણ મને આવ્યું નથી, ખરેખર તો બોજો લાગવો જોઈએ, ઘર અને ઘરનાં કાર્યોનો, બોજો લાગવો જોઈએ, જે જે કાર્યો પહેલાં પોતે રસથી કરતો હતો, તે જ ઘરમાં અને તે જ કાર્યમાં, તે જ ઘર અને તે જ કાર્યો બોજારૂપ લાગવા જોઈએ પરંતુ એવું એ હજી કાંઈ થતું નથી એમ કહે છે. એ પણ મારો દોષ છે કે એવું મને કાંઈ થતું નથી.

**'નથી નિવૃત્તિ નિર્મળપણે'** નિર્મળપણે જે નિરસતા આવવી જોઈએ, પરિણામ ન લાગે તો જ નિવૃત્તિ થાય ને! પરિણામ રસથી લાગે તો પ્રવૃત્તિ થાય અને નહીંતર પછી પરિણામ-ઉપયોગ એનાથી નિવૃત્ત થાય, નકામું લાગે. અન્ય ધર્મ એટલે અન્ય વસ્તુધર્મ છે એ નકામા લાગે તો નિવૃત્ત થાય. પરથી ઉપયોગ નિવૃત્ત થાય તો સ્વકાર્ય કરે ને! ઉપયોગની જ નિવૃત્તિ ન હોય તો કેવી રીતે સ્વ-કાર્ય કરે? બહારમાં વ્યવસાયમાં નિવૃત્તિ લીધી હોય, પણ ઉપયોગની નિવૃત્તિ ન હોય તો શું કામ લાગે ? ઉપયોગ ચાલ્યો જતો હોય, ઉપયોગ એ બાજુ કામ કરતો હોય. તો જે નિર્મળતા અને નિરસતા આવવી જોઈએ, એ પ્રકાર આવ્યો નથી.

**'એમ અનંત પ્રકારથી, સાધન રહિત હું ય;**
**નહીં એકે સદ્ગુણ પણ, મુખ બતાવું શું ય ?'**

શું કહે છે? કે એવા સર્વ પ્રકારે હું સાવ ઠેકાણા વગરનો છું. સાધન-રહિત એટલે ઠેકાણા-વગરનો છું મારી યોગ્યતામાં કોઈ ઠેકાણું નથી મારામાં એક પણ સદ્ગુણ નથી. શું જોઈને હું આપને મારું મોઢું બતાવું ? મોઢું બતાવવાને પણ હું લાયક નથી.

**'કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;**
**પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.'**

આપ તો કરુણાની મૂર્તિ છો, નિષ્કારણ કરુણાળ છો, જે દીન થાય એના બંધુ છો, જે દીન થાય એના નાથ છો, બંધુ પણ તમે છો અને નાથ પણ તમે જ છો; એની સામે હું અનાથ છું. મને કોઈ આશ્રય નથી. રખડી ગયો છું, રખડી મર્યો છું. અને પાપી છું. ઘણાં પાપનાં પરિણામ થાય છે, મારો કોઈ રીતે હાથ પકડો, એટલે કોઈ પણ રીતે મને હવે તમે લાઈન ઉપર લઈ આવો, એવી મારી વિનંતી છે.

**'અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સૈવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન.'**

મારો ભૂતકાળ જોઉં છું ત્યારે સ્પષ્ટ માલૂમ પડે છે કે અનંતકાળથી હું આથડતો રહ્યો છું, મારા સ્વરૂપના ભાન વિના, હે ભગવાન! હું અનંતકાળથી આથડું છું.

**'સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહીં અભિમાન.'**

જે શ્રીગુરુ અને સંતનું સેવન કરવું જોઈએ તે મેં કર્યું નહીં. કેમ ન કર્યું? કારણ મેં અભિમાન મૂક્યું નહીં અભિમાનમાં રહીને મેં સત્-સેવન ન કર્યું, સત્સંગ ન કર્યો, સત્સેવા ન કરી એ અભિમાનમાં રહીને ન કરી.

શ્રોતા : કિસ બાતકા અભિમાન કિયા?

પૂ. ભાઈશ્રી : જૈસે હમ હમારા કલ્યાણ અપને આપ

કર સકતે હૈ. કર લેંગે (ઈસલિયે) શ્રીગુરુકે પાસ નહીં ગયા. ઉનકી સેવા નહીં કી. ઔર અભિમાનમેં રહકર દૂર રહા. અભિમાનમેં રહકર નહીં ગયા, અગર જાતા તો અભિમાન છોડના પડતા કી મેરેમેં કુછ નહીં હૈ, આપ મુજે સમજાઈયે. આપ મુજે મેરે હિતકા માર્ગ બતાઈયે મુજે આત્મકલ્યાણકે રાસ્તે પર લે જાઈયે. લેકિન એસા ભી મૈને કભી કિયા નહીં.

**'સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;**
**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.'**

સંતચરણ વિના, સંતચરણના આશ્રય વિના, બધાય સાધન કર્યાં. જેને ધર્મસાધન કહેવાય એવા દીક્ષા પર્યંતના બધાય સાધન કર્યાં પણ જ્ઞાનીના શરણમાં રહીને, એ કાંઈ કર્યું નહીં. અને તેથી હું સંસારનો પાર પામ્યો નહીં. અને એ વિશેનો, એ બાબતનો એક અંશ વિવેક પણ મને ઊગ્યો નહીં.

આપણે થોડા દિવસ પહેલા ચર્ચા થઈ હતી કે જો જીવને અંતરથી આત્મકલ્યાણની ભાવના જાગી હોય તો એને First thought (પહેલો વિચાર) એ હોય છે, કે મારે કોઈ જ્ઞાનીપુરુષનું શરણ જોઈએ; અને એના માટે મારી પૂરી તૈયારી હોવી જોઈએ. મને જો અહીંયાં મળે, મારા ગામમાં મળે તો જ (સત્સંગ કરીશ) એમ નહીં, જ્યાં હોય ત્યાં, દુનિયાના કોઈ પડમાં – જ્યાં હોય ત્યાં, મારે ત્યાં જઈને રહેવું છે; મારે બીજે રહેવું નથી. એ જાતનો First thought આવ્યા વગર (રહેતો નથી). Very First thought આવે એનું નામ વિવેક છે; ભાવનામાંથી ઉત્પન્ન થયેલો વિવેક છે જેને જ્ઞાનીપુરુષની જરૂર નથી ભાસી એને ખરેખર આત્મકલ્યાણ કરવાની જરૂર પણ નથી ભાસી એમ સાબિત કરવાનું રહેતું નથી; પરંતુ આપોઆપ જ સાબિત થાય છે. Natural Position તો આ છે.

**'સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક'** એ શું વિચારે છે ? હું મારીમેળે બધું કરી લઈશ. **'પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક'** એમાં વિવેકનો અંશ એક છાંટો પણ નથી.

આ ગ્રંથમાં એક ૫૦૦ નંબરનો પત્ર છે એમાં એક વાત લીધી છે. કે જીવે બીજભૂત ભૂલ એ જ કરી છે; મૂળભૂત ભૂલ આ જ કરી છે પછી કૃ. દેવે એ ભૂલને ખોલી નથી પણ એ ભૂલ રહેવાથી બધી ભૂલ ઉભી રહી છે, એમ કરીને એક ૫૦૦ નંબરનો પત્ર છે એમાં એ વાત લખી છે. બહુ મોટો પેરેગ્રાફ લખ્યો છે.

**'વિચારની ઉત્પત્તિ થયા પછી વર્ધમાનસ્વામી જેવા મહાત્માપુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંત વાર જન્મવું, મરવું થયાં છતાં, હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી, તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવી? અને એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે કે જે ભૂલનું આટલા સુધી પરિણમવું થયું છે?'** એટલે જન્મ-મરણ ચાલુ રહ્યા છે. (એવી કઈ ભૂલ રહી છે ?) **'આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદ્‌બોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં,'** (ફક્ત) વિચારતાં– એમ ન લીધું, ફરી ફરીને એકાગ્રપણે વિચારતાં એમ ન લીધું, – **'સદ્‌બોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામ ઠામ કહી છે,'** તે ભૂલને જિનાગમમાં ઠામ ઠામ કહી છે પોતે પોતાના નામે હજી કહેતાં નથી. તે ભૂલને જિનાગમમાં ઠામ ઠામ કહી છે; **'કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય.'** એવી રીતે ઠામ ઠામ એ વાત કરી છે. એ જાણીને ભૂલ તોડે આમ તો **'જીવની ભૂલ જોતાં તો અનંતવિશેષ લાગે છે;'** જીવ અનંત ભૂલો કરે છે ઘણી જ ભૂલો કરે છે, **'પણ સર્વ ભૂલની બીજભૂત ભૂલ,'**– કઈ છે? **'સર્વ ભૂલની બીજભૂત ભૂલ એ જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વ ભૂલનો વિચાર થાય છે;'** બધી ભૂલો સમજાય છે; **'અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલો મટે છે.'** આટલી વાત લીધી છે. પછી **'કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઈચ્છે,'** અનેક ભૂલ મટાડવા ઈચ્છે **'તોપણ તે કર્તવ્ય છે. અને તેવી અનેક ભૂલોથી છૂટવાની ઈચ્છા મૂળભૂતથી છૂટવાનું સહેજે કારણ થાય છે.'** સંપૂર્ણ નિર્દોષ થવું હોય તો એને મૂળ ભૂલ મટાડવા તરફ ધ્યાન જવું જોઈએ, કે મને કોઈ

સત્પુરુષ જોઈશે; હું તદ્દન અંધ છું, અને કઈ દિશામાં એક પગલું માંડવું એ મને ખબર નથી. કેવી શૈલીથી વાત કરી છે ! જુઓ ! શૈલી કેવી લીધી છે અને ઠેઠ સુધી વાતને Suspense માં (રહસ્યમાં) રાખી છે.

અહીંયાં શું કહે છે **'સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક; પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.'** એ બધાં સાધન શું થયા ? **'સહુ સાધન બંધન થયાં રહ્યો ન કોઈ ઉપાય; સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?'** શબ્દાર્થ તો બહુ સહેલાં છે. શું થયું ?

કે **'પ્રભુ પ્રભુ લય લાગી નહીં'** ગુરુ માટેની જે લય લાગવી જોઈએ એ લય લાગી નહીં. **'પડયો ન સદ્‌ગુરૂ પાય; દીઠાં નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?'**

પહેલાં પ્રથમ (તો) પોતાના દોષ જ દેખાતાં ન હોય. તો એને કાઢવાનો સવાલ, મટાડવાનો સવાલ જ કયાં ઊભો થાય છે? બીજો તો કોઈ ઉપાય નથી; પહેલો ઉપાય જ એ છે કે એણે પોતાના દોષ સમજી લેવા જોઈએ. નુકસાનનો વેપાર બંધ કરે નહિ અને નફાનો વેપાર ચાલુ થાય કયા દિવસે? પછી એમ અંદરથી એમ આવવું જોઈએ કે– **'અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય; એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ય ?'** એવું દેખાવું જોઈએ કે આ જગતમાં કોઈ સર્વથી દોષિતમાં દોષિત હોય, નીચમાં નીચ હોય, અધમમાં અધમ કોઈ હોય તો તે હું જ છું, બસ, મારાં જેવું કોઈ નહીં હોય. એવું થયા વિના જે સાધન કરવા માટેનો પુરુષાર્થ ઊપડવો જોઈએ તે પુરુષાર્થ ઊપડતો નથી. એક વાર એવું આવવું જોઈએ–આવવું ઘટે છે. પછી જ પુરુષાર્થ ઊપડે છે; પરિભ્રમણની વેદનામાં એક વાર એવું આવે છે.

**'પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;'** હવે તારા પદપંકજમાં એટલે ચરણકમળમાં પડીને, વારંવાર પડીને, ફરી ફરીને એ જ માંગુ છું **'સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દે જ.'** બસ, મને સદ્‌ગુરુ જોઈએ – મને સંત જોઈએ; એ સિવાય મને સ્વરૂપ મળવાનું નથી. સ્વરૂપ મેળવવા માટે સંત અને સદ્‌ગુરુ જોઈએ – અને એ જ મને આપ, એ જ હું માગું છું; બીજું હું કંઈ માગતો નથી; જ્ઞાન નથી માગતો–એમ કહે છે; ગુરુઆશ્રય, ગુરુચરણ માંગુ છું.

એ રીતે વીસ દોહરા બહુ સરસ લખ્યાં છે વેદનામાં આવવું હોય એનાં માટે ભાવથી એ અંગીકાર કરવા જેવો વિષય લીધો છે. પદ અહીંયાં સમાપ્ત થાય છે.

---

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર


પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ–હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ફેબ્રુઆરી–૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી)ના અંકની સમર્પણ રાશિ શ્રીમતી શ્રુતિ અતિશય જલાન (જૈન), કોલકાટા તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી-સીડી-૧૪-A



પ્રશ્ન :- આત્માએ દૃષ્ટિ અપેક્ષાએ જે આત્માને વિષય કર્યો છે એને તો જેમ છે એમ રાખીને જ્ઞાન.. દ્રવ્ય અને પર્યાય બંનેનું....

ઉત્તર :- હા બધું જાણે છે. એને ઊભી રાખીને જાણે છે. એને તોડીને નથી જાણતો.


પ્રશ્ન :- ભાઈનો પ્રશ્ન છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે. પર્યાય દ્રવ્યને પહોંચે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે. આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતા મોહ ક્યાં ઊભો રહે?

ઉત્તર :- મોહ ઊભો જ ક્યાંથી રહે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણે તો. એમ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પર્યાય દ્રવ્યને પોતે છે. પોતે જ પરિણમે છે. પોતાની પર્યાય છે. પર્યાય અંશ છે, પોતે અંશી છે. બધું યથાર્થપણે જાણે, અનંતગુણ છે, એની પર્યાયો થાય છે, એનું કાર્ય થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરતું નથી. દરેક સ્વતંત્ર છે. દરેક સ્વતંત્ર છે તો મોહ શેનો ઊભો રહે? કા પરદ્રવ્ય પ્રત્યે મોહ શેનો કે પોતે એમાં કાંઈ જઈ શકતો નથી. પરદ્રવ્યની પર્યાય પોતામાં આવતી નથી. તો એના ઉપર રાગ ને દ્વેષ ને એ બધું શેનું? પોતે પોતામાં જ પરિણમનારો છે. બીજે ક્યાંય જાતો નથી કે આ મને મળે, આ ઠીક છે અને આ ઠીક છે. એ તો દરેક દ્રવ્યનું સ્વરૂપ છે. સૌ પોતપોતાએ પરિણમે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે સ્વતંત્ર પરિણમે છે. પોતે પોતામાં સ્વતંત્ર પરિણમે છે. તો એવું જ્ઞાન થાય તો મોહ ક્યાંથી ઊભો રહે? દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયના જેમ છે એમ પરિણમે છે. એમાં મોહ કે આ ઠીક છે ને આ ઠીક છે. એ મોહ ઊભો જ શેનો રહે? તત્ત્વનું યથાર્થ જ્ઞાન થાય તો મોહ છૂટી જાય છે. કે હું મારારૂપે પરિણમું છું. પરદ્રવ્યરૂપે પરિણમતો નથી. ખોટો વ્યામોહ અને ભ્રાંતિ એ બધું ખોટું જ છે. એ કલ્પનાઓ બધી ખોટી છે. જો એમ યથાર્થ શ્રદ્ધા થાય અને યથાર્થ જ્ઞાન થાય તો મોહ ઊભો જ નથી રહેતો. મોહ છૂટી જાય છે.

પ્રશ્ન :- .. પર્યાય .. ને પહોંચે છે. .. પર્યાયને પહોંચે છે. સમજાતું નથી.

ઉત્તર :- બધું આત્મા જ કરે છે. બધું કાર્ય આત્મા એક જ બધું કરે છે. એક આત્મા જ બધું કરે છે. એના ગુણો જુદાં છે. કરનાર બધું એક આત્મા જ કરે છે. એક આત્મા જ પોતે પોતાના ઉપર જોર આપે છે અને એક આત્મા જ પોતે પોતાથી બધાને જાણે છે. એક આત્મા જ પોતામાં લીનતા કરે છે. બધું એક આત્મા જ કરી રહ્યો છે. આત્મા જ પોતાના ગુણથી પોતાના અસ્તિત્વ ઉપર જોર આપે છે. આત્મા જ બધું જાણે છે. આત્મા જ લીનતા કરે છે. આત્મા જ દર્શન છે, આત્મા જ જ્ઞાન છે, આત્મા જ ચારિત્ર છે. એ આવે છે ને 'સમયસાર'માં.

**(શેષ આવતા અંકે.. )**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'આત્મિક સુખ' સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

વીજળીનો કરંટ લાગતાં જ ભય લાગે છે, અને તેનાથી હઠવા ઈચ્છીએ છીએ. પરંતુ ત્રિકાળી સ્વભાવમાં પ્રવેશ કરતાં જ એવા આનંદની સનસનાટી થાય છે કે તે આનંદથી ક્ષણ પણ હઠવા ચાહતા નથી. (૩૭૧)

*

ધ્રુવ ગુફાની અંદર ચાલ્યા જાઓ. ત્યાં આનંદ અને સુખનાં નિધાન ભર્યાં છે. તેને નિત્ય ભોગવો. (૩૭૯)

*

વિકલ્પ દુઃખરૂપ લાગવો તે પણ નાસ્તિ છે. અસ્તિમાં તો 'હું' સુખથી ભરપૂર છું, સુખની ખાણ છું. (૪૧૭)

*

સહજ સુખ (બીજા) બધાનો સહજ જ નિષેધ કરે છે. (૪૪૫)

*

આત્માના એક-એક પ્રદેશમાં અનંત-અનંત સુખ ભર્યું છે - એ રીતે અસંખ્ય પ્રદેશો સુખથી જ ભરપૂર છે; ગમે તેટલું સુખ પી લો ! ક્યારે પણ ખૂટશે જ નહિ. સદાય સુખ પીતા જ રહો, તોપણ ઓછું નહિ થાય. (૪૫૩)

*

યથાર્થ નિશ્ચયમાં સુખ પ્રગટ થાય છે. (૬૦૪)

*

---


**(પાના નં ૧૮ થી આગળ... )**

તે વાર્તા તમને ગાંભીર્યપણે રહી જણાવી નથી. તમે જે પ્રકારે ઈશ્વરાદિ વિષે શ્રદ્ધાશીલ છો તેમ વર્તવું તમને કલ્યાણરૂપ છે, અમને તો કોઈ જાતનો ભેદભાવ નહીં ઉત્પન્ન થતો હોવાથી સર્વ જંજાળરૂપ વર્તે છે, એટલે ઈશ્વરાદિ સમેતમાં ઉદાસપણું વર્તે છે. આવું જે અમારું લખવું તે વાંચી કોઈ પ્રકારે સંદેહને વિષે પડવાને યોગ્ય તેમ નથી.

હાલ તો અમે અત્રપણે વર્તીએ છીએ, એટલે કોઈ પ્રકારની જ્ઞાનવાર્તા પણ જણાવી શકાતી નથી; પણ મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે, એ તો નિઃશંક વાર્તા છે. અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્યભાવને વિષે, સ્થિર થતું નથી; સ્વરૂપને વિષે સ્થિર રહે છે. એવું જે અમારું આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ તો ક્યાંય કહ્યું જતું નથી. ઘણા માસ વીત્યાથી તમને લખી સંતોષ માનીએ છીએ.

નમસ્કાર વાંચશો. ભેદ રહિત એવા અમે છીએ.

*



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૬૬

મુંબઈ, વૈશાખ સુદ ૧૨, રવિ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

મનમાં વારંવાર વિચારથી નિશ્ચય થઈ રહ્યો છે કે કોઈ પણ પ્રકારે ઉપયોગ ફરી અન્ય ભાવમાં પોતાપણું થતું નથી, અને અખંડ આત્મધ્યાન રહ્યા કરે છે, એવી જે દશા તેને વિષે વિકટ ઉપાધિજોગનો ઉદય એ આશ્ચર્યકારક છે; હાલમાં તો થોડી ક્ષણની નિવૃત્તિ માંડ રહે છે; અને પ્રવૃત્તિ કરી શકે એવી યોગ્યતાવાળું તો ચિત્ત નથી, અને હાલ તેવી પ્રવૃત્તિ કરવી એ કર્તવ્ય છે, તો ઉદાસપણે તેમ કરીએ છીએ; મન ક્યાંય બાઝતું નથી, અને કંઈ ગમતું નથી; તથાપિ હાલ હરિઈચ્છા આધીન છે.

નિરુપમ એવું જે આત્મધ્યાન, તીર્થંકરાદિકે કર્યું છે, તે પરમ આશ્ચર્યકારક છે. તે કાળ પણ આશ્ચર્યકારક હતો. વધારે શું કહેવું ? 'વનની મારી કોયલ'ની કહેવત પ્રમાણે આ કાળમાં, અને આ પ્રવૃત્તિમાં અમે છીએ.

*

### પત્રાંક - ૩૬૮

મુંબઈ, વૈશાખ વદ ૬, ભોમ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

પત્ર પ્રાપ્ત થયું હતું. અત્ર સમાધિ છે.

સત્તાને વિષે જીવ રહે છે, એ ખેદની વાત છે; પણ તે તો જીવને પોતાથી વિચાર કર્યા વિના ન સમજાય એવું છે.

જ્ઞાનીને વિષે જો કોઈ પણ પ્રકારે ધનાદિની વાંછા રાખવામાં આવે છે, તો જીવને દર્શનાવરણીય કર્મનો પ્રતિબંધ વિશેષ ઉત્પન્ન થાય છે. ઘણું કરીને જ્ઞાની તેવો પ્રતિબંધ કોઈને પોતા થકી ઉત્પન્ન ન થાય એમ વર્તે છે.

જ્ઞાની પોતાનું ઉપજીવન, આજીવિકા પણ પૂર્વકર્માનુસાર કરે છે; જ્ઞાનને વિષે પ્રતિબદ્ધતા થાય એમ કરી આજીવિકા કરતા નથી, અથવા કરાવવાનો પ્રસંગ ઈચ્છતા નથી, એમ જાણીએ છીએ.

જ્ઞાની પ્રત્યે જેને કેવળ નિઃસ્પૃહ ભક્તિ છે, પોતાની ઈચ્છા તે થકી પૂર્ણ થતી ન દેખીને પણ જેને દોષ આવતો નથી, એવા જે જીવ છે, તેને જ્ઞાનીને આશ્રયે ધીરજથી વર્તતાં આપત્તિનો નાશ હોય છે; અથવા ઘણું મંદપણું થઈ જાય છે, એમ જાણીએ છીએ; તથાપિ તેવી ધીરજ રહેવી આ કાળને વિષે બહુ વિકટ છે, અને તેથી ઉપર જણાવ્યું છે, એવું પરિણામ ઘણી વાર આવતું અટકી જાય છે.

અમને તો એવી જંજાળ વિષે ઉદાસીનપણું વર્તે છે. આ તો સ્મરણમાં આવવાથી લખ્યું છે.

અમારે વિષે વર્તતો પરમ વૈરાગ્ય વ્યવહારને વિષે ક્યારેય મન મળવા દેતો નથી, અને વ્યવહારનો પ્રતિબંધ તો આખો દિવસ રાખવો પડે છે. હાલ તો એમ ઉદય સ્થિતિમાં વર્તે છે. તેથી સંભવ થાય છે કે તે પણ સુખનો હેતુ છે.

અમે તો પાંચ માસ થયાં જગત, ઈશ્વર અને અન્યભાવ એ સર્વને વિષે ઉદાસીનપણે વર્તીએ છીએ, તથાપિ

**(અનુસંધાન પાના નં ૧૭ પર.. )**



# ‘જેટલું મમત્વ એટલું દુઃખ’

-પૂ. ભાઈશ્રી શશીભાઈ

**‘આ રીતે જાણનારને જુદો પાડવો.’** જાણનારને ભિન્ન જાણવો. જાણનારને સંબંધરહિત જાણવો, સંગરહિત અસંગ જાણવો, નિર્લેપ જાણવો. અને છે પણ એમ જ. જેમ છે એમ જાણવો. સંબંધરહિત અસંગ તત્ત્વ હોવા છતાં પણ જીવ સંબંધ કલ્પીને મોટી ભૂલ કરે છે અને એ ભૂલના ફળમાં દુઃખી થાય છે, બીજું કાંઈ નથી. બીજે બધે તો ઠીક પણ ઘરવાળા સાથે તો સંબંધ ખરો કે નહિ? બિલકુલ નહિ!! તું ઘરવાળો પણ નથી અને બહારવાળો પણ નથી! કાંઈ નથી તું. તું જીવ છો, તું આત્મા છો. ખરેખર તારે કોઈની સાથે કાંઈ સંબંધ નથી.

જુદો જ રહે છે. એ ભલે ભેગો કલ્પે તોપણ જુદો જ રહે છે. ગુરુદેવ એક દૃષ્ટાંત દેતા કે એક બાળકને વીંછી કરડે અને કાળી બળતરા ઉપડે, રૂંવાડે રૂંવાડે. એનું ઝેર હોય ને? એ વ્યાપે છે. બહુ ઝેરી વીંછી હોય તો વીંછી કરડે ને માણસ મરી જાય. પણ બહુ ઝેર ન હોય અને mild ઝેર હોય તો એનું ઝેર ચડે ત્યારે વેદના બહુ થાય, પિડા બહુ થાય. કાળી બળતરા ઉપડે. સળગતો હોય ને, અગ્નિ કોઈએ અંદર સળગાવી હોય ને એવી બળતરા ઊપડે. હવે એ તો રાડ, બુમ ને દેકારો કરે. વીંછી કરડી જાય બાળકને એટલે બળતરા અને રાડ, બુમ, દેકારો કરે. એની માને ઘણું દુઃખ થાય, બાળકને દુઃખી જોઈને એની માને ઘણું દુઃખ થાય. હવે જો અભિન્નપણું હોત, સંબંધ હોત તો એમાંથી થોડુંક દુઃખ એ ભાગ પડાવી શકત. કે ભાઈ તને જ્યાં કરડે છે ત્યાં મારો હાથ અડાડું. થોડુંક મને ઝેર ચડે લે ચાલ. મને થોડીક તારી બળતરા ઓછી થઈને મારામાં આવે. આવે? કોઈ participate ન કરી શકે. સુખને કે દુઃખને કોઈ વહેંચી શકતું નથી. એ શું બતાવે છે? જીવનું ભિન્નપણું બતાવે છે. એ સર્વથા ભિન્ન છે. ગમે તેટલો ગાઢ મમત્વવાળો સંબંધ કલ્પે તોપણ એમાં કોઈ ભાગ પડાવી શકતું નથી.

.............બાકી કોઈ ભાગ લઈ શકે નહિ. સાબિત શું થાય છે? કે જીવે જીવ ભિન્ન છે. જેટલો સંબંધ કલ્પે છે એટલી આકુળતા. મારો દીકરો એને આકુળતા વધારે થઈ. બાકી તો બધાએ જાણ્યું. જેટલા પાડોશી ભેગા થયા એ બધાએ જાણ્યું. કેમ બધાયને દુઃખ ન થયું? માને જ વધારે દુઃખ થયું? તો જેને જેટલું મમત્વ એટલું એને દુઃખ. જેને જેટલું મમત્વ એટલું એને દુઃખ. એ મમત્વમાં જેટલી મીઠાશ વધારે લીધી હતી એટલું વધારે દુઃખ થાય. એ એમ સાબિત કરે છે કે એ મીઠાશ લીધી એ મીઠી લાગી, તે પણ મીઠું ઝેર ખાધું હતું. બીજું કાંઈ નહોતું. એ મીઠું ઝેર છે. એટલે ભૂલથી પણ દીકરા, દીકરી કોઈ કુટુંબના સભ્યો ઉપર મમત્વ કરવા જેવું નથી. જાણી જોઈને તો નહિ, પણ ભૂલથી પણ કરવા જેવું નથી. નહિતર એના ફળમાં દુઃખ ભોગવવું પડશે, ભોગવવું પડશે અને ભોગવવું જ પડશે. એનું reaction વિયોગકાળે આવ્યા વિના રહેવાનું નથી અને વિયોગકાળ નિશ્ચિત છે. છે, છે ને છે જ. કોઈ અનાદિ અનંત સંયોગ છે જ નહિ. નિશ્ચિત જ છે. માટે અગાઉથી ચેતી જાવું. શાણા માણસે અગાઉથી ચેતી જાવું. એના માટે ઉપદેશ છે. આ રીતે જાણનારને જુદો પાડવો. એમ કહે છે.

**(પ્રવચનાંશ... સ્વાનુભૂતિદર્શન પ્રવચન નં-૩૮૩)**

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર
ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition :
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041